**O R D E R**

**અમદાવાદના મે. પાંચમાં જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મુ.મીરઝાપુર, અમદાવાદ.**

**CRIMINAL CASE NO.5026/2017**

૧) ગુન્હો બન્યા તારીખ : ૧૬/૬/૨૦૧૭

૨) ગુન્હો જાહેર થયા તારીખ : ૧૬/૬/૨૦૧૭

૩) ફરીયાદી : શ્રી સરકાર

૪) આરોપીનુ નામ, સરનામુ : રવી ઉર્ફે કલામ રામભાઈ પટેલ
રહેવાસી : દસ્ક્રોઈ, અમદાવાદ.

૫) ગુન્હાની વિગત : ગુજરાત પ્રોહીબીશન (સુધારા અધીનીયમ–૨૦૧૬) ની કલમ :– ૬૬(૧)(બી)તથા નવા સુધારાની પ્રોહી.કલમ ૮૫

૬) આરોપીની પ્લી :

સવાલ :– તમોને પોલીસ પેપર્સની નકલો મળેલ છે ?

જવાબ :– હાજી

સવાલ :– ફરીયાદની હકીકત તથા આંક–...... તહોમતનામુ તમોને વાંચી સંભળાવી, સમજાવવામાં આવી તે મુજબ ગુનો તમને કબુલ છે ?

જવાબ :– હા, મને ગુનો કબુલ છે. અમારો પ્રથમ ગુનો છે. અમો ગરીબ વર્ગના અને બાળ બચ્ચાવાળા માણસ છીએ. કુટુંબની જવાબદારી અમારા શીરે હોય, હળવી સજા કરવા નમ્ર અરજ છે.

........................
આરોપીની સહી
અમદાવાદ

અમારી રૂબરૂ

પમાં જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ ગ્રામ્ય

૭) આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુજરાત પ્રોહીબીશન (સુધારા અધીનીયમ–૨૦૧૬) ની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) માં સદરહુ સુધારાથી સજાની જોગવાઈ મહત્તમ ત્રણ વર્ષ અને ઓછામાં ઓછી સજાની જોગવાઈ એક વર્ષ અને દંડની કરવામાં આવેલ છે. આ કામે વધુમાં સુધારેલી કલમ–૮૫(૧) નીચે મુજબ છે.

'' Whoever, in any street, thoroughfare, public, in any place to which the public have or are permitted to have access, is drunk and creates nuisance, takes up a quarrel with any person, uses foul or abusive language, indulges in fight with other, misbehaves with any woman or behaves obscenely, shall, on conviction be punished with imprisonment for a term which may extended to three years but which shall not be less than one year and fine''

૮) આમ કાયદાની ઉપરોકત સજાની જોગવાઈ વધારવા પાછળ સદરહુ કલમમાંજ આરોપી દારૂ પીધેલ નશાયુકત હાલતમાં કેવુ વર્તન કરે છે જેમકે દારૂપીધેલી હાલતમાં જો આરોપી જાહેર જગ્યા પર કોઈની સાથે ઝઘડે, અડચણ ઉત્પન્ન કરે, ખરાદ ગાળો બોલે, કોઈ સ્ત્રી સાથે અભદ્ર વર્તન કરે, તેવા સંજોગોમાં આરોપી શીક્ષાને પાત્ર રહે છે. જે જોગવાઈમાં આ કારણોથી સજાની જોગવાઈ કોઈ પણ કે જે ત્રણ વર્ષ સુધીની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આમ સદરહુ સજાની જોગવાઈ અંગે કાનુન ધારાનો એ ઈરાદો સ્પષ્ટ જણાવે છે કે દરેક વ્યકિતનું કૃત્ય અલગ અલગ સંજોગોમા એકજ સજાને પાત્ર રહેતુ નથી. આમ કાયદાની આ પરીસ્થિતીને હાલના કેસની હકીકતો સાથે સરખાવતા ફરીયાદ વંચાણે લેતા આ કામના આરોપી માત્ર દારૂ પીધેલી હાલતમાં મળી આવેલ છે, આરોપી કોઈની સાથે ઝઘડો કરતા હોય, ગાળો બોલતા હોય, કે કોઈને અડચણ કરતા હોય કે કોઈ સ્ત્રી સાથે અભદ્ર વર્તન કરતા હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. તેમજ તે અંગે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન ચાર્જશીટમાં નોધેલ નથી કે લીધેલ નથી.

૯) આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્વા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતાં કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી

સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદૃતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરીસ્થિતિઓને ઘ્યાને લઈ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. તેમજ ગુન્હા  બદલ હદયપુર્વક પસ્તાવો વ્યકત કરે છે તે હકીકત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણોસર આરોપીનો આ પ્રથમ ગુનો હોય, સ્વેચ્છીક કબુલાત સ્વિકારી, ગુનો સાબીત માની **નામ.ગુજરાત રાજય વિરુઘ્ધ નટવર હરચંદજીના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯** કેસમાં આપેલ સિઘ્ધાંતોને ઘ્યાને લેતાં તેમજ **નામ. સર્વોચ્ચ અદાલતના મોહમ્મદ ઈમરાન ખાન  વિરૂઘ્ધ રાજય રીપોટેબલ ક્રીમી.અપીલ નં. ૧૫૧૬/૨૦૧૦** કેસમાં આપેલ સિઘ્ધાંતોને ઘ્યાને લેતા ઉપરોકત જણાવેલ ખાસ કારણોને ઘ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કરવા પાત્ર હાલનો યોગ્ય કેસ જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**– : : હુ ક મ –::**

ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી.એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧) વિગેરે મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૪૦૦/– (અંકે રૂપીયા ચારસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો એક (૧)  મહીનાની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૦૮  માહે: સપ્ટેમ્બર સને–૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.

**(વી.વાય ત્રિવેદી)**
UIC GJ-01287
પાંચમાં એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.